# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 23-07-2024 બપોર : 1.50 થી 2.00

વાર : મંગળવાર

### આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

**************************************************

- ✓ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે વર્ષ 2024-25નું કેન્દ્રીય અંદાજપત્ર રજૂ કર્યું.. તેમણે જણાવ્યું કે, સરકારનું ધ્યાન ગરીબો, મહિલાઓ યુવાનો અને ખેડૂતો પર રહેશે. સરકાર નોકરીની તકો વધારશે.
- ✓ વ્યક્તિગત કરદાતાઓને રાહત- પગારદાર કર્મચારીઓ માટે સ્ટાન્ડર્ડ ડિડક્શન 50 હજાર રૂપિયાથી વધારીને 75 હજાર રૂપિયા..
- ✓ ઇન્ટર્નશીપમાં જોડાનારા બે કરોડ 10 લાખ યુવાનોને ત્રણ હપ્તમાં કુલ 15 હજાર રૂપિયા સહાય અપાશે.
- ✓ ઘરવિહોણા માટે ત્રણ કરોડ નવા આવાસો બંધાશે. એક કરોડ ઘરોને પીએમ સૂર્યઘર મફત વીજળી યોજનાનો લાભ અપાશે.
- ✓ સોના ચાંદી પરની આયાત- જકાતમાં ઘટાડો..
- ✓ હવામાન વિભાગે આગામી 2 દિવસ દરમિયાન ગુજરાત, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી.

**************************************************

(સમાચારની વચ્ચે- આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# BUDGET---SITHARAMAN

નાણામંત્રી નિર્મલા સીતારમણે  કહ્યું છે કે, મુશ્કેલ સમયમાં પણ ભારતનું અર્થતંત્ર ચમકી રહ્યું છે. આજે સંસદમાં સતત સાતમી વાર કેન્દ્ર સરકારનું વર્ષ 2024-2025 નું અંદાજપત્ર રજૂ કરતાં તેમણે જણાવ્યું કે, સરકારનું ધ્યાન ગરીબો, મહિલાઓ યુવાનો અને ખેડૂતો પર રહેશે. સરકાર નોકરીની તકો વધારશે.

અંદાજપત્રની છ મુખ્ય દરખાસ્તો રજૂ કરતાં નાણાંમંત્રીએ જણાવ્યું હતું કે, જેમને પહેલી નોકરી માટે એક લાખ રૂપિયાથી ઓછો પગાર હશે તેમને પહેલીવાર કર્મચારી ભવિષ્યનિધિ ઈપીએફઓમાં નોંધણી કરાવનારને ત્રણ હપ્તામાં 15 હજાર રૂપિયાની સહાય અપાશે. આ યોજનાનો લાભ લગભગ 2 કરોડ 10 લાખ યુવાનોને મળશે.

તેમણે સરકારી યોજનાઓનો કોઈ લાભ ન મળતો હોય તેવા દેશભરની સંસ્થાઓમાં એક લાખ યુવાનોને ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવાની જાહેરાત કરી છે. તેમાંથી 3 ટકા સરકાર ભોગવશે.

ખેડૂતો માટેની સહાય જાહેર કરતાં શ્રીમતી નિર્મલા સીતારમણે જણાવ્યું કે, જમીન નોંધણીમાં છ કરોડ ખેડૂતોની માહિતી લાવવામાં આવશે. પાંચ રાજ્યોમાં નવા કિસાન ક્રેડિટ કાર્ડ આપવામાં આવશે.

બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્રપ્રદેશ માટે માળખાકીય વિકાસ યોજનાઓ શરૂ કરાશે. આ માટેની પૂર્વોદય યોજના અંતર્ગત માનવ સંસાધન વિકાસ અને મૂળભૂત વિકાસ પર ખાસ ધ્યાન અપાશે.

પંજાબના અમૃતસરથી પશ્ચિમ બંગાળના કોલકાતા સુધીના ઔદ્યોગિક માર્ગ પર ગયામાં એક ઔદ્યોગિક કેન્દ્ર સ્થાપવામાં આવશે.

દેશમાં સુક્ષ્મ, નાના અને મધ્યમ ઔદ્યોગિક એકમો એમએસએમઈ અને ઉત્પાદન પર ખાસ ધ્યાન અપાશે. મુદ્રા લોનની મર્યાદા 10 લાખથી વધારીને 20 લાખ કરવામાં આવી છે.

દેશની પાંચસો ટોચની કંપનીઓમાં 5 કરોડ યુવાનોને ઇન્ટર્નશીપ પર રખાશે. જેમાં 5 હજાર રૂપિયા ભથ્થું અને છ હજાર રૂપિયા એકમ સહાય અપાશે. મહિલાઓ અને યુવતીઓને લાભ આપતી યોજનાઓ માટે 3 લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરાઈ છે.

## (બાઈટ નિર્મલા સીતારમણ)

શ્રીમતી સીતારમણે જણાવ્યું હતું કે, કામકાજી મહિલાઓ માટે નવાં છાત્રાલયો ઉભાં કરાશે અને એક હજાર તાલીમ સંસ્થાઓ સ્થાપવામાં આવશે.

કૃષિ સંશોધન પર ખાસ ભાર મૂકાશે અને કઠોળ – તેલીબિયાની બાબતમાં સ્વનિર્ભરતા લાવવા પર ખાસ ધ્યાન અપાશે.

નાણામંત્રીએ કહ્યું કે, મોંઘવારી 4 ટકા સુધી લાવવા પ્રયાસો કરાશે અને ઘર વિહોણા નાગરિકો માટે 3 કરોડ નવાં આવાસો બાંધવામાં આવશે.

નાણામંત્રીએ પીએમ શહેરી આવાસ યોજના માટે 10 લાખ કરોડ રૂપિયાની ફાળવણીની જાહેરાત કરી છે. સ્ટેમ્પ ડ્યૂટી ઘટાડવાના રાજ્યોને પ્રોત્સાહન આપવામાં આવશે. એક કરોડ ઘરો માટે પીએમ

સૂર્યઘર મફત વીજળી યોજનાની જાહેરાત કરાઇ છે. મહિલાઓના નામે નોંધણી પર સ્ટેમ્પ ડ્યૂટીમાં રાહતની દરખાસ્ત પણ કરાઇ છે.

સોના ચાંદી પરની કસ્ટમ ડ્યૂટી ઘટાડીને છ ટકા અને પ્લેટીનમ પર છ પોઇન્ટ ચાર ટકા કરવામાં આવી છે.

નાણામંત્રીએ ગ્રામીણ આંતરમાળખા સહિત ગ્રામ વિકાસ માટે બે લાખ 66 કરોડ રૂપિયાની જોગવાઇ સૂચવી છે.

વર્ષ 2024-25માં નાણાંકીય ખાધ કુલ રાષ્ટ્રીય ઉત્પાદનના ચાર પોઇન્ટ 8 ટકા અંદાજવામાં આવી છે. જ્યારે દેશના આંતરમાળખાના વિકાસ માટે 11 લાખ 11 હજાર કરોડ રૂપિયાનો મૂડી ખર્ચ કરવાની દરખાસ્ત કરાઇ છે.

વર્તમાન એનડીએ સરકારનું પહેલું અંદાજપત્ર રજૂ કરતાં નાણામંત્રીએ કહ્યું હતું કે, અંદાજપત્રમાં વિકસિત ભારતને નજર સમક્ષ રાખીને કુલ નવ પ્રાથમિકતાઓ નક્કી કરાઇ છે. તેમાં ખેતીમાં ઉત્પાદકતા વધારવા અને કુદરતી સંજોગોનો સામનો કરે તેવી બનાવવા, યુવાનોની કાર્યકુશળતા વધારવા, માનવ સંસાધન વિકાસ અને સામાજીક ન્યાય, શહેરી વિકાસ, ઉત્પાદન અને સેવા ક્ષેત્રમાં સુધારો, ઉર્જા સલામતી, આંતરમાળખાકીય વિકાસ. નાવીન્ય, સંશોધન અને વિકાસ તથા નવી પેઢીમાં સુધારા પર ધ્યાન અપાશે.

## BUDGET

નાણા મંત્રી નિર્મલા સીતારમણે વ્યક્તિગત કરદાતાઓને રાહત આપી છે. આજે રજૂ કરેલા બજેટમાં નવી કર વ્યવસ્થા હેઠળ પગારદાર

કર્મચારીઓ માટે સ્ટાન્ડર્ડ ડિડક્શન 50 હજાર રૂપિયાથી વધારીને 75 હજાર રૂપિયા કરવામાં આવ્યું છે.

સરકારે નવી કર વ્યવસ્થા હેઠળ કર માળખામાં ફેરફાર કર્યો છે. ત્રણ લાખ રૂપિયા સુધીની આવક પર કોઇ કર નહીં લાગે. ત્રણ લાખથી સાત લાખ રૂપિયા સુધીની આવક પર પાંચ ટકા, સાત લાખથી 10 લાખ રુપિયા સુધીની આવક પર 10 ટકા અને 10 લાખથી 12 લાખ રૂપિયા સુધીની આવક પર 15 ટકા વેરો લાગશે.

12 લાખથી 15 લાખ રૂપિયા કમાનાર વ્યક્તિએ 20 ટકાનાં દરે આવક વેરો ચૂકવવો પડશે અને 15 લાખ રૂપિયાથી વધુની આવક પર 30 ટકા વેરો લાગશે.

## BUDGET BIHAR TOURISM

ભારતને વૈશ્વિક પર્યટનનાં કેન્દ્ર તરીકે સ્થાપિત કરવા માટે કેન્દ્ર સરકાર બિહારમાં ગયા ખાતે 17 વિષ્ણુપાદ મંદિર અને બોધગયામાં મહાબોધિ મંદિર કોરિડોરનો સર્વગ્રાહી વિકાસ કરશે. આ યાત્રાધામોને કાશી વિશ્વનાથ મંદિર કોરિડોરની જેમ વિશ્વકક્ષાના યાત્રાધામ અને પર્યટન કેન્દ્ર તરીકે વિક્સાવવામાં આવશે..

## IMD WEATHER

ભારતીય હવામાન વિભાગે આગામી 2 દિવસ દરમિયાન ગુજરાત, કોંકણ, ગોવા અને મધ્ય મહારાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી કરી છે. ઉત્તર, પૂર્વોત્તર, મધ્ય અને પશ્ચિમના કેટલાક ભાગોમાં આવતીકાલ સુધી ભારે વરસાદ પડી શકે છે, જ્યારે બાકીના ભાગોમાં ગુરુવાર સુધી ભારે વરસાદ થવાની સંભાવના છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે, આજે પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીમાં ઉચ્ચ ભેજ સાથે સામાન્ય તાપમાન વધુ રહેવાની શક્યતા છે.

## FISHERMEN-SRILANKANNAVY

શ્રીલંકાના નૌકાદળે તમિલનાડુના રામેશ્વરમ ખાતેથી 9 ભારતીય માછીમારોની ધરપકડ કરી છે. આ સાથે તેમની બે બોટ પણ જપ્ત કરવામાં આવી છે. આ માછીમારો આજે વહેલી સવારે રામેશ્વરમ નજીક નેદુન્થિવુમાં માછીમારી કરી રહ્યા હતા.

તમામ માછીમારોને પૂછપરછ માટે કનકેસંથુરાઈ બંદરે લઈ જવાયા છે. માછીમાર સંઘના પ્રમુખે રાજ્ય અને કેન્દ્ર સરકારને શ્રીલંકાની જેલમાં બંધ 74 ભારતીય માછીમારોની મુક્તિ માટે પ્રયાસો કરવા અપીલ કરી છે.

## TN-NIPAHVIRUS TEST

તમિલનાડુમાં, સરકારે સરહદી જિલ્લાઓમાં નિપાહ વાયરસ અંગે તકેદારી વધારી છે. નીલગિરિના સરહદી જિલ્લામાં આજથી સ્ક્રીનિંગ અને મોનિટરિંગ શરૂ થઈ ગયું છે.

પ્રવાસીઓ અને કેરળથી પ્રવેશનારાઓનું પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. તમિલનાડુમાં પ્રવેશતા લોકોના આરોગ્યની ચકાસણી અને દેખરેખ રાખવા માટે ત્રણ સભ્યો સાથે પંદર ટીમો બનાવવામાં આવી છે.

## AMARNATH-YATRA--JAMMU.

અમરનાથ યાત્રા દરમિયાન આ વર્ષે અત્યાર સુધીમાં 4 લાખથી વધુ શ્રદ્ધાળુઓએ પવિત્ર ગુફાના દર્શન કર્યા છે. જ્યારે યાત્રા

સમાપ્ત થવાને હજુ એક મહિનો બાકી છે. ગઈકાલે, 11 હજાર 700થી વધુ યાત્રાળુઓએ અમરનાથ મંદિરના દર્શન કરતાં કુલ યાત્રાળુઓની સંખ્યા 4 લાખ 7 હજાર 734 થઈ છે.

## PM - CHANDRASHEKHAR AZAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વાતંત્ર્ય સેનાની અને ક્રાંતિકારી ચંદ્રશેખર આઝાદની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ પાઠવી છે.

સોશિયલ મીડિયાના માધ્યયમથી શ્રદ્ધાંજલિ પાઠવતા શ્રી મોદીએ ચંદ્રશેખર આઝાદ ભારતની આઝાદી માટે અતૂટ હિંમત અને પ્રતિબદ્ધતા સાથે નિર્ભય નાયક હોવાનું કહ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે સ્વતંત્રતા સેનાનીના આદર્શો અને વિચારો લાખો લોકો, ખાસ કરીને યુવાનોને પ્રેરણા આપતા રહેશે.